# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

**પરિપત્ર નં.૧૨૮ તા. ૧૩-૦૩-૨૦૨૦**

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- ધોરણ-૧ અને ૨ માટે ચાતુર્થ સામાયિક મૂલ્યાંકન (ત્રિમાસિક) કસોટી આયોજન બાબત.
સંદર્ભ :- ક્રમાંક : જીસીઈઆરટી/સીએન્ડઈ/૨૦૨૦/૬૧૨૫-૬૧૮૪ તા.૧૩-૦૩-૨૦૨૦

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય તથા સંદર્ભ પરત્વે જણાવવાનું કે, માન.શિક્ષણ સચિવશ્રી,પ્રાથમિક શિક્ષણની મળેલ સૂચના અનુસાર ધો.૧ અને ૨માં સમયાંતરે મૂલ્યાંકન અને ઉપચારાત્મક થઈ શકે તે હેતુથી સામાયિક કસોટી લેવાની થાય છે.

ધો.૧ અને ૨ (તમામ માધ્યમ)ની સામાયિક ચતુર્થ ત્રિમાસિક કસોટી તા.૨૧-૦૩-૨૦૨૦, ૨૩-૦૩-૨૦૨૦ અને ૨૪-૦૩-૨૦૨૦ દરમ્યાન કોઈપણ બે દિવસ લેવાની રહેશે. આ સમય દરમ્યાન શાળામાં તમામ બાળકો હાજર રહે તેવી વ્યવસ્થા કરવી. વિદ્યાર્થીઓની સંખ્યા વધુ હોય તો તેવા સંજોગોમાં વધારાનો સમય (બે દિવસ ઉપરાંત) લઈ કામગીરી પૂર્ણ કરવાની રહેશે.

તા.૧૩-૦૩-૨૦૨૦

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

**પરિપત્ર નં.૧૨૮-A તા. ૧૩-૦૩-૨૦૨૦**

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- 'ભાષાદીપ' કાર્યક્રમ અંતર્ગત વાચન અર્થગ્રહણ ઉત્તર કસોટી બાબત.
સંદર્ભ :- ક્રમાંક : જીસીઈઆરટી/સીએન્ડઈ/૨૦૨૦/૬૦૬૫-૬૧૨૬ તા.૧૩-૦૩-૨૦૨૦

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય તથા સંદર્ભ પરત્વે જણાવવાનું કે, તા.૨૩-૧૧-૨૦૧૯ના રોજ તમામ પ્રાથમિક શાળાઓમાં ધો.૩ થી ૮ના વિદ્યાર્થીઓ માટે 'ભાષાદીપ' કાર્યક્રમ અંતર્ગત વાચન અર્થગ્રહણ પૂર્વ કસોટી યોજાઈ ગયેલ છે.

**'ભાષાદીપ' કાર્યક્રમ અંતર્ગત ધો.૩ થી ૮માં વાચન અર્થગ્રહણ ઉત્તર કસોટી તા.૨૧-૦૩-૨૦૨૦ ના રોજ યોજાનાર છે.**

- તા.૨૧-૦૩-૨૦૨૦ના રોજ યોજાનાર જે-તે વિષયની સામાયિક કસોટીને બદલે ધો.૩ થી ૮માં વાચન અર્થગ્રહણ ઉત્તર કસોટી યોજાનાર છે.
- આ કસોટી વિદ્યાર્થીઓને એકમ કસોટીની નોટબુકમાં લખાવવાની રહેશે.
- આ ઉત્તર કસોટી 'ભાષાદીપ' કાર્યક્રમ અંતર્ગત સંશોધનના હેતુ માટે યોજાઈ રહી છે. આ કસોટી સામાયિક કસોટીનો ભાગ નથી તેથી તેના ગુણ રચનાત્મક મૂલ્યાંકનમાં ગણવામા આવશે નહિ.
- એસ.એસ.એ.પોર્ટલ પર વિદ્યાર્થીઓના ગુણની પ્રશ્નવાર ઓનલાઈન એન્ટ્રી કરવાની રહેશે.
- સદર ઉત્તર કસોટી ૫૦ ગુણની રહેશે અને સમય એક કલાકનો રહેશે. આમ છતાં આ કસોટીનો હેતુ વાચન અર્થગ્રહણ અંગે બાળકનું પૂર્વજ્ઞાન જાણવાનો હોઈ જો કોઈ વિદ્યાર્થી કસોટી ૧ કલાકમાં પૂર્ણ ન કરે તો તેને ૧૫ મિનિટ જેટલો વધારે સમય આપવાનો રહેશે.
- સદર ઉત્તર કસોટી ધોરણ ૩ થી ૫ના વિદ્યાર્થીઓ માટે એક સામાન્ય(કોમન) કસોટી તૈયાર કરવામાં આવી છે અને ધો.૬ થી ૮ ના વિદ્યાર્થીઓ માટે એક સામાન્ય (કોમન) કસોટી તૈયાર કરવામાં આવી છે.જેથી કસોટીના પરિણામોની સરાસરીને આધારે એક ધોરણના બાળકોની બીજા ધોરણના બાળકો સાથે સરખામણી કરી શકાય.
- સદર ઉત્તર કસોટી સંશોધનના હેતુસર લેવાતી હોવાના કારણે કસોટી બિલકુલ તટસ્થ રીતે લેવાય એ અપેક્ષિત છે.
- આ કસોટીમાં સમાવિષ્ટ સૂચનાઓ પણ વાચન અર્થગ્રહણનો ભાગ હોઈ વિદ્યાર્થીઓને સૂચનાઓ સમજાવવામાં અન્ય વિદ્યાર્થી કે શિક્ષક તરફથી મદદ ન મળે તે સુનિશ્ચિત કરવાનું રહેશે.

તા.૧૩-૦૩-૨૦૨૦

ડૉ. એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

**પરિપત્ર નં.૧૨૮-B તા. ૧૩-૦૩-૨૦૨૦**

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- ફિક્સ પગારના કર્મચારીઓને રજાનો લાભ આપવા બાબત.
સંદર્ભ :- ક્રમાંક : પ્રાશિનક-નીતિ/૧૩૭૬૩/૨૦૨૦/૧૧૬૨-૧૨૧૪ તા.૦૨-૦૩-૨૦૨૦

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય તથા સંદર્ભ પરત્વે જણાવવાનું કે, ગુજરાત રાજય સરકારના નાણાં વિભાગના ઠરાવ ક્રમાંક-ખરચ/ ૨૦૦૨/ ૫૭ (પાર્ટ-૨૧)/ઝ-૧/તા.૦૧-૦૧-૨૦૧૬ થી રાજય સરકારના વર્ગ-૩ અને વર્ગ-૪ના સીધી ભરતીથી નિમણૂંક પામેલા ફિકસ પગાર કર્મચારીઓના કેસમાં ફિકસ પગારની સેવાની શરતોમાં સ્પષ્ટતા કરવામાં આવેલ છે. જે અન્વયે ફિકસ પગારના કર્મચારીઓને ખાસ રજાઓ આપવા ઠરાવેલ છે આ ઠરાવ અન્વયે ખાસ રજાઓ ન.પ્રા.શિ.સમિતિની પ્રાથમિક શાળાઓમાં ફરજ બજાવતા વિદ્યાસહાયકોને લાભ આપવા અંગે માન.પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી દ્વારા દરખાસ્ત કરવામાં આવેલ હતી. જે નાણાં વિભાગની રિમાર્કસ મુજબ ''દરખાસ્ત હેઠળના કર્મચારી શિક્ષણ વિભાગના કર્મચારી છે તેઓને નાણાં વિભાગને ફિકસ પગારની નીતિ લાગુ પાડી શકાય નહીં તેમજ દરખાસ્ત હેઠળના કર્મચારીઓને વેકેશનનો લાભ મળે છે. નાણાં વિભાગની ફિકસ પગારની નીતિથી નિમણૂંક પામેલ કર્મચારીઓને આ લાભ મળતો નથી.'' જે અન્વયે શિક્ષણ વિભાગના પત્રક્રમાંક પીઆરઈ/૧૧૨૦૧૯/ પ્રાશિનિ-૨૬૭/ક/તા.૨૭-૧૨-૨૦૧૯ના પત્રથી નાણાં વિભાગ દ્વારા અસ્વીકાર કરવામાં આવેલ છે તેમ જણાવેલ છે.

માન.પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી દ્વારા કરવામાં આવેલ દરખાસ્તનો નાણાં વિભાગ દ્વારા અસ્વીકાર કરેલ હોય વિદ્યાસહાયકોને ખાસ રજાઓ (સ્પેશીયલ લીવ) નો લાભ મળવાપાત્ર નથી. તેથી ન.પ્રા.શિ.સમિતિ હસ્તકની પ્રાથમિક શાળાઓમાં ફરજ બજાવતાં વિદ્યાસહાયકોને જો આવી રજાઓ મંજૂર કરવામાં આવેલ હોય તો તેવી રજાઓ રદ કરી તેટલા દિવસની કપાત પગારી રજા ગણવાની રહેશે. આ અંગેની નોંધ સંબંધિત વિદ્યાસહાયકની સેવાપોથીમાં કરવાની રહેશે. તેના કારણે તેઓની પગાર બાંધણી, ઉ.પ.ધો., કે અન્ય આર્થિક લાભોને અસર થતી હોય તો તે મુજબ રીવાઈઝ હુકમો કરી રીકવરી સહિતની કાર્યવાહી જે-તે ઝોન કચેરીના પગારબીલ કલાર્કશ્રીઓએ પૂર્ણ કરવાની રહેશે. આ અંગેની સંપૂર્ણ જવાબદારી જે-તે ઝોનના મદદનીશ શાસનાધિકારીશ્રીની રહેશે. જેની નોંધ લેશો અને તે મુજબ અમલ કરશો.

તા.૧૩-૦૩-૨૦૨૦

ડૉ. એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી